જે કોઇ પોતાની ઇચ્છાઓ, અપેક્ષાઓ અને આશાઓ ઇશ્વરને ચરણે ધરી દે છે તેને પરમ શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે
- ડો. શિવાનંદ અધ્વર્યુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૩, બુધવાર; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# સ્વાઇન ફલુનો વધતો આતંક : જિલ્લામાં વધુ બે કેસ

## સે-૨૯માં નોંધાયેલ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ : દહેગામના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસ મળ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાંથી એક અને દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક એમ કુલ-૨ નવા કેસ સ્વાઈન ફલુ પોઝીટીવના મળી આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુનો ૩જો કેસ પોઝીટીવ નોંધાયો છે. બે દિવસ પહેલાં સે-૨૨માંથી આવો કેસ મળી આવ્યો હતો. આજે સે-૨૯માંથી ૪૨ વર્ષની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ મળી આવેલ છે. અગાઉ સે-૧૨માંથી મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ મળી આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે-૨૯માંથી મળેલ કેસની મહિલા દર્દીને સારવાર માટે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં રાખવામાં આવેલ છે. તંત્ર એ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી દીધી છે.

બીજી તરફ દહેગામ તાલુકાના મોતીપુરા ગામેથી એક ૭૦ વર્ષની જૈફ વય ધરાવતા વૃધ્ધને પણ આજે સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના અત્યાર સુધીમાં એક ડઝનથી પણ વધુ કેસ નોંધાયા છે. સાત જેટલા દર્દીઓ આ રોગમાંથી સંપૂર્ણ મુકત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

હાલ ૪ દર્દીઓ આ રોગની સારવાર હેઠળ છે જેમાં બે દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં તો બે સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સ્વાઈન ફલુના છુટા છવાયા કેસો જે રીતે નોંધાઈ રહ્યા છે તેને લઈ આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થઈ રહ્યો છે.

# ગાંધીનગરને વિશ્વકક્ષાની ઉત્તમ રાજધાની બનાવવાશે : આનંદીબહેન

## ગુડાના ૧૮મા સ્થાપના દિને ૬૫ કરોડના કામોનો શુભારંભ ચિલોડા, વાવોલ, રાયસણમાં આવાસ યોજનાનું ખાતમુહુર્ત : ગુડાએ કન્યા કેળવણી માટે ૧૦ લાખનો ચેક આપ્યો : શાકમાર્કેટની દુકાનો સખીમંડળોને સોંપી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ૧૮મા સ્થાપના દિન નિમિત્તે આજે મહેસુલમંત્રીએ ગુડા વિસ્તારમાં અંદાજિત ૬૫ કરોડના વિવિધ કામોનું ખાતમુહુર્ત કર્યું હતું. આ ઉપરાંત નવનિર્મિત શાકમાર્કેટ, ટી.પી. વિસ્તારમાં આંતરિક માર્ગો તેમજ ગાંધીનગર કોબા માર્ગ પર ફૂટપાથ નિર્માણના કામનું લોકાપર્ણ પણ કર્યું હતું. આ તબક્કે તેમણે ગાંધીનગરને વિશ્વકક્ષાની ઉત્તમ રાજધાની બનાવવા માટેનો પ્લાન તૈયાર કરાયો હોવાનું જણાવ્યું હતું. જયારે મહાત્મા મંદિરમાં દેશની આઝાદીનો સમગ્ર ઈતિહાસ સમાવી લેવાશે તેમ પણ કહ્યું હતું. શહેરમાં છત વિહોણા માટે ૨૮૦૦ જેટલા મકાનોનું કામ ચાલી રહ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

ગુડાના ૧૮મા સ્થાપના દિનની ઉજવણી અન્વયે મહેસુલમંત્રી આનંદીબેન પટેલે ગુડા વિસ્તારમાં જનસુવિધાના વિવિધ કામોનું લોકાર્પણ તેમજ ખાતમહુર્ત કર્યું હતું. જેમાં ચિલોડા, વાવોલ અને રાયસણ ખાતે સામાજિક અને આર્થિક પછાત વર્ગના લોકો માટે રૂ. ૩૩ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવનાર આવાસ નિર્માણની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગરીબો માટેના આ આવાસમાં ૩૬.૭૫ ચો.મી. ક્ષેત્રફળની જગ્યામાં ૧ ડ્રોઈંગરૂમ, બેડરૂમ, રસોડા સહિતની સુવિધા ઉપરાંત બાળકોના અભ્યાસ માટે અલાયદા વાંચન ખંડની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત ભૂગર્ભ ગટર વ્યવસ્થાના ભાગરૂપે રાયસણથી કોબાને જોડતી ૫.૨૬ કી.મી. લાંબી મેઈન ટ્રંકલાઈનના રૂ. ૧૩.૫૮ કરોડના ખર્ચે થનારા કામ ઉપરાંત ધોળાકૂવા રાંદેસણ અને કુડાસણમાં ૪.૭૫ કી.મી. લંબાઈના રૂ. ૫.૧૦ કરોડના રસ્તાના કામોનું પણ ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. આ તબક્કે મહેસુલમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે નગરને વિશ્વકક્ષાની ઉત્તમ રાજધાની બનાવવાનો પ્લાન તૈયાર કરાયો છે. ૧૮૨ દિવસમાં મહાત્મા મંદિર તૈયાર કરાયુ છે ત્યારે દેશની આઝાદીનો આખો ઈતિહાસ પણ સમાવી લેવાશે નગરને સોલાર સીટી બનાવવા પણ પ્રોજેકટ તૈયાર થઈ ગયો હોવાનું તેમણે જણાવ્યું હતું. જયારે નગરને ફૂલોની નગરીની ઓળખ આપવા પણ આયોજન થઈ રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. શહેર આસપાસના ગુડા વિસ્તારમાં પણ બે વર્ષમાં ૮૦ કરોડના કામો કરાયા હોવાનું પણ ઉમેર્યું હતું. ગુડાના ચેરમેન અશોક ભાવસારે પણ ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને અગ્રતા આપવામાં આવી રહી હોવાનું જણાવી પીવાના પાણી અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉપરાંત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન સુવિધા હેઠળ હજારો પરિવારોને આવરી લેવાયા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. કુડાસણ ખાતે ૩૬ લાખના ખર્ચે નિર્માણ કરાયેલ શાકમાર્કેટની દુકાનો ચાર સખીમંડળોને આપવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ તબક્કે ગુડા તરફથી કન્યા કેળવણી માટે રૂ. ૧૦ લાખનો ચેક પણ અર્પણ કરવામાં આવ્યો હતો. ગુડાના સ્થાપના દિનની ઉજવણીના સમારોહમાં મેયર મહેન્દ્રસિંહ રાણા, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, ઔડાના ચેરમેન ધર્મેન્દ્ર શાહ, જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, ગુડાના મુખ્ય કારોબારી અધિકારી ડી. તારા, મ્યુનિસિપલ કમિશનર લલિત પાડલીયા, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.



# જિલ્લાની ૩૮ શાળાઓમાં કોમ્પ્યુટર બંધ હાલતમાં

## ૫૧૭ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા છે જ્યારે ૧૧૦ શાળાઓ આજે પણ આ સુવિધાથી વંચિત છે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની ૫૧૭ શાળાઓમાં કોમ્પ્યુટરની સુવિધાઓ ઉપલબ્ધ છે જ્યારે ૧૧૦ શાળાઓમાં આજે પણ કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નહિ હોવાનું રાજયના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

કોંગીના ધારાસભ્યો શ્રીમતિ તેજસ્વીની પટેલ અને અમીત ચૌધરી આજે રાજ્ય વિધાનસભાગૃહમાં આ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રી શ્રી ચુડાસમાએ આ વિગતો આપતાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકાની ૧૦૧, દહેગામની ૧૬૬, ગાંધીનગરની ૧૮૧ તેમજ માણસાની ૬૯ શાળાઓમાં મળી કુલ ૫૧૭ શાળાઓમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ છે.

તેમણે જણાવ્યું છે કે આ જિલ્લામાં કલોલ તાલુકાની ૧૮, દહેગામની ૫૫, ગાંધીનગરની ૬ અને માણસા તાલુકાની ૩૧ મળી કુલ ૧૧૦ શાળાઓમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી.

શિક્ષણમંત્રી શ્રી ચુડાસમાએ જણાવ્યું છે કે આ જિલ્લામાં ૩૮ શાળાઓ એવી છે જ્યાં કોમ્પ્યુટર બંધ હાલતમાં છે. જેમાં કલોલ તાલુકાની ૨૮, ગાંધીનગરની ૮ અને માણસા તાલુકાની બે શાળાઓનો સમાવેશ થાય છે.

તેમણે એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ કોમ્પ્યુટરો જુના અને બિન ઉપીયોગી હોવાથી તે શક્ય તેટલી ઝડપથી બદલવાનું આયોજન છે. આ ઉપરાંત કોમ્પ્યુટર લેબના અપગ્રેડેશન તેમજ નિભાવણી માટે રાજ્ય સરકારે ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષમાં વિશેષ ગ્રાન્ટ ફાળવવાનો પણ નિર્ણય કરી અને બજેટમાં જોગવાઈ કરી છે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે સાબરકાંઠા જિલ્લામાં ૧૩૬૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ છે. જ્યારે ૧૦૯૬ શાળાઓ આજે પણ કોમ્પ્યુટરથી વંચિત છે. આ શાળાઓ પૈકી એક જ શાળામાં કોમ્પ્યુટર બંધ હાલતમાં છે.








